| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૧/૨૦૧૯ |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૧/૨૦૧૯ |
| ફેસલ તારીખ | ૧૬/૧૦/૨૦૧૯ |
| સમય ગાળો | વર્ષ : માસ : દિવસ.<br>૦૦ : ૦૯ : ૧૪ |

**ઝાલોદના મહે.અધિક જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**ઝાલોદ.**

| |
|---|
| ક્રિ.કેસ નં.૧/૧૯ |
| આંક–૨૦ |

**<u>ફરીયાદી</u>** : શ્રી સરકાર

**વિરૂધ્ધ...**

**<u>આરોપી</u>** : હર્ષદભાઈ ઉર્ફે મહેશભાઈ છત્રસિંહ રાઠોડ
ઉ.વ.૩૩, ધંધો : ખેતી,
રહે.દેલોચ, રાઠોડ ફળીયુ, તા.મોરવા હડફ જી.પંચમહાલ.

**<u>બાબત</u>** : ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૫ ઈ.,૮૧,૯૮(૨) મુજબ.

| | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે વિ.વકીલશ્રી | : | એ.પી.પી.શ્રી... |
| બચાવપક્ષે વિ.વકીલશ્રી | : | શ્રી પી.એલ.મોરી.. |

**<u>::ઠરાવ::</u>**

( ૦૧ ).. આ કામે ફરીયાદ પક્ષના કેસ ની હકિકત ટુંકમાં એવી છે કે, તા. ૨૨/૦૬/૨૦૧૮ ના રોજ કલાક.૨૩.૦૦ વાગે મોજે ગરાડુ ગામે કંજેલી ફળીયામાં આરોપીએ પોતાના કબજા ની બોલેરો ગાડી નં.જી.જે.૨ વી.વી.૯૪૩૧ માં વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાનમાં ઈગ્લીશ દારૂ જુદા જુદા બ્રાંન્ડ ની બોટલ નં.૧૭૮૮ કિ. રૂા.૨,૪૭,૮૨૯/–તથા મોબાઈલ –૧ કિ.રૂા.૫૦૦/–

તથા બોલેરો ગાડી કિ.રૂા.૫,૦૦,૦૦૦/– ની મળી કુલ રૂા.૭,૪૮,૨૨૮/– ના મુદ્દામાલ સાથે અન્ય આરોપી અર્જુનભાઈ રામાભાઈ રાઠોડ નાનો પોલીસની રેઈડ દરમ્યાન મુદ્દામાલ સાથે પકડાયેલ હોય. તે અંગે ફરીયાદીએ ઝાલોદ પોલીસ સ્ટેશન થર્ડ ગુના રજી.નં.૧૬૬/૧૮ થી પ્રોહી એકટ ની કલમ–૬૫ ઈ.,૮૧, ૯૮(૨) મુજબ ની ફરીયાદ આપતા સદર ગુનાના તપાસ કરનાર અમલદારશ્રી એ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા અત્રેની અદાલતમાં ચાર્જસીટ કરેલ છે.

( ૦૨ ).. સદર કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં અત્રેની કોર્ટ દવારા આરોપીને સમન્સ કરતા અને આરોપીને સમન્સની બજવણી બાદ આરોપી હાજર થતા આરોપીને ક્રિ. પો.કોડ ની કલમ ૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી પ્લી નોંધેલ છે. ત્યારબાદ આ કામ ફરીયાદ પક્ષનો પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ.

( ૦૩ ).. ફરીયાદ પક્ષ ધ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**–:: <u>મૈખિક પુરાવો</u> ::–**

| | | |
|---|---|---|
| (૦૧) ફરીયાદી | વિનુજી મેરૂજી ઠાકોર | આંક–૧૦ |
| (૦૨) પંચ સાહેદ | માનસીંગભાઈ નાથુભાઈ ભાભોર | આંક–૧૨ |
| (૦૩) પંચ સાહેદ | નંનુભાઈ દીપાભાઈ હરીજન | આંક–૧૮ |
| (૦૪) આઈ.ઓ. | નિતીન રાજુભાઈ ચૌધરી | આંક–૧૫ |
| (૦૫) આઈ.ઓ. | શૈલેષભાઈ કાળીદાસ પરમાર | આંક–૧૪ |

**–:: <u>દસ્તાવેજી પુરાવો</u> ::–**

| | |
|---|---|
| (૦૧) ફરીયાદ | આંક–૧૧ |
| (૦૨) પંચનામું | આંક–૧૩ |
| (૦૩) પંચનામું | આંક–૧૯ |

( ૦૪ ).. ત્યારબાદ આ કામે વધુ પુરાવો જણાતો ન હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે અને આરોપીનું ક્રી.પ્રો.કો. ક.૩૧૩ અન્વયે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં વિશેષ નિવેદન નોધતા આરોપીએ પોતાના સામેના કેસ નો ઈન્કાર કરી ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બચાવપક્ષે તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

( ૦૫ ).. જયારે આરોપી તરફે વિ.વકીલશ્રી ની મુખ્યત્વે દલીલ એવી છે કે, આ કામે ફરીયાદીપક્ષ પોતાનો કેસ નિશંકપણે સાબિત કરવામાં તદન નિષ્ફળ ગયેલ છે. પંચ સાહેદોને તપાસતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદ ના નિવેદન લેવામાં આવેલ નથી કે સોગંદ પર તપાસવામાં આવેલ નથી અને એરીતે ફરીયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર આરોપી વિરુધ્ધ સાબીત કરવામાં તદન નિષ્ફળ નિવડેલ હોય જેથી આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવા રજુઆત કરેલ છે.

( ૦૬ ).. હાલના કેસના ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત કરેલા છે :-

**-: <u>મુદ્દા</u> :-**

:: ૧ :: શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૨/૦૬/૨૦૧૮ ના રોજ કલાક.૨૩.૦૦ વાગે મોજે ગરાડુ ગામે કંજેલી ફળીયામાં આરોપીએ પોતાના કબજા ની બોલેરો ગાડી નં.જી.જે.૨ વી.વી.૯ ૪૩૧ માં વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટાનમાં ઈંગ્લીશ દારૂ જુદા જુદા બ્રાંન્ડ ની બોટલ નં.૧૭૮૮ કિ. રૂા.૨,૪૭,૮૨૯/-તથા મોબાઈલ -૧ કિ.રૂા.૫૦૦/- તથા બોલેરો ગાડી કિ.રૂા.૫,૦૦,૦૦૦/- ની મળી કુલ રૂા.૭,૪૮,૨૨૮/- ના મુદ્દામાલ સાથે અન્ય આરોપી અર્જુનભાઈ રામાભાઈ રાઠોડ નાનો પોલીસની રેઈડ દરમ્યાન મુદ્દામાલ સાથે પકડાઈ જઈ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫ ઈ.,૮૧, ૯૮(૨) મુજબ નો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

:: ૨ :: શું હુકમ ?

( ૦૭ ).. ઉપરોકત મુદ્દા અંગે અત્રે ની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

:: ૧ : નકારમાં

:: ૨ :: આખરી હુકમ મુજબ

( ૦૮ ).. ઉપરોકત મુદ્દાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

**મુદ્દા નં.૧:**

(૮.૧).. ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '' પુરાવાનું મુલ્યાંકન '' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યા બધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવુ તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિત દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી ર્કાવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરીયાદ પક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકત નું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૮.૨).. ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની ઉભયપક્ષે દલીલોનાં સંદર્ભમાં વિચારણા કરવામાં આવે તો, આ કામે રેકર્ડ પર ના સમગ્ર પુરાવા નું મુલ્યાંકન કરતા હાલના કેસમાં આરોપી સામે નો ગુનાનો આક્ષેપ ધ્યાને લેતા આરોપીના કબજા માંથી દેશી દારૂ મળી આવેલ હોવાનો છે. આ કામ રેકર્ડ પર નો પુરાવો ધ્યાાને લેતા ફરીયાદપક્ષે ફરીયાદી વિનુજી મેરૂજી ઠાકોરને આંક–૧૦ થી તપાસવા માં આવેલ છે તેઓ તેમના પુરાવાનું મુલ્યાંકન કરતા આંક–૧૧ થી ફરીયાદ રજુ કરી ફરીયાદ હકીકત ને સમર્થન આપેલ છે. સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ માં એ હકીકત કબુલ રાખેલ છે કે, બનાવવાળી જગ્યાએ રહેણાંકના મકાનો આવેલ છે અને અવર જવર વાળો વિસ્તાર છે. જયારે એવાત નો ઈન્કાર કરેલ છે કે, આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી અને કામગીરી બતાવવા સારુ મુદ્દામાલ બીનવારસી મળી આવેલ હોવા છતાં આરોપી સામે ખોટી ફરીયાદ આપેલ છે.

(૮.૩).. તેમજ ફરીયાદપક્ષે પંચ સાહેદ માનસીંગભાઈ નાથુભાઈ ભાભોરને આંક–૧૨ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવાનું મુલ્યાંકન કરતા આંક–૧૩ થી પંચનામું રજુ કરી સદર પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તે સીવાય પંચનામા વિશે તેઓ કઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસ ને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ફરી ગયેલ જાહેર કરી સદર સાહેદ ની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા સદર સાહેદ ની ઉલટ તપાસ માં ફરીયાદપક્ષના કેસ ને સમર્થન કારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

તેમજ ફરીયાદપક્ષે સી.આર.પી.સી.કલમ–૨૭ મુજબના પંચનામા ના પંચ સાહેદ નંનુભાઈ દિપાભાઈ હરીજનને આંક–૧૮ થી તપાસવામાં આવેલ છે તેઓના પુરાવા નું મુલ્યાંકન કરતા આંક–૧૯ ના પંચનામા રજુ કરી સદર પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે અને તે સીવાય પંચનામા

વિશે તેઓ કઈ જાણતા નહી હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસ ને સમર્થન આપતા ન હોય એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતી થી ફરી ગયેલ જાહેર કરી સદર સાહેદ ની ઉલટ તપાસ કરવા પરવાનગી માંગતા સદર સાહેદ ની ઉલટ તપાસ માં ફરીયાદપક્ષના કેસ ને સમર્થન કારક કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, સદર પંચ સાહેદ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૮.૪).. ફરીયાદપક્ષે ગુન્હા ના તપાસ કરનાર અમલદારશ્રી નિતીન રાજુભાઈ ચૌધરીને આંક–૧૫ થી તપાસવા માં આવેલ છે તેઓ તેમના પુરાવાનું મુલ્યાંકન કરતા આંક–૧૧ થી રજુ ફરીયાદ ની હકીકત ને સમર્થન આપેલ છે. સદર સાહેદ ની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ માં એ હકીકત કબુલ રાખેલ છે કે, કંજેલી ફળીયા માં રહેણાંક ના મકાનો આવેલ છે અને વાહનો ની અવર જવર રહે છે. તેમજ બનાવવાળી જગ્યા ની આજુબાજુ ના સાહેદોના નિવેદન લીધેલ નથી.

વધુમાં સદર ગુન્હાના અન્ય તપાસ કરનાર અમલદારશ્રી શૈલેષકુમાર કાળીદાસ પરમારને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવા નું મુલ્યાંકન કરતા સદર ગુન્હાની તપાસ મળતા તેઓએ તપાસ ના કામે હાલના આરોપી હર્ષદભાઈ મહેશભાઈ રાઠોડને અટક કરેલ અને તપાસ ના અંતે પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ હોવાનું જણાવેલ છે.

( ૦૯ ).. આ અદાલત સમક્ષ રજુ થયેલ તમામ પુરાવાનું સમગ્રપણે મુલ્યાંકન કરતા આ કામે ફરીયાદીના તથા ત.ક.અ.ના પુરાવામાં ફરીયાદ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ છે જયારે તેઓની ઉલટતપાસમાં બનાવવાળી જગ્યા ની આજુબાજુ રહેણાંક ના મકાનો આવેલા છે અને તપાસ ના કામે આજુબાજુના સાહેદ ના નિવેદન લીધેલ નથી. સદર કામે પંચ સાહેદને તપાસતા તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ સદર કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ ન હોય માત્ર પોલીસ સાહેદ કે જે રસ ધરાવનાર સાહેદ છે તેઓને તપાસવામાં આવેલ છે. વધુમાં ધીરજલાલ ગાંડાભાઈ વિ. ગુજરાત રાજય નો નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા

આપવામાં આવેલ માર્ગદર્શીકા ધ્યાને લેતા વિદેશી દારૂના કબજા અંગેની ધારણા જયારે બોટલોને પંચોની સહીઓ સાથે સીલ કરવામાં આવેલ ન હોય અને પંચોનો પુરાવો દારૂ મળી આવેલ તેવા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો ન હોય ત્યારે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫ ઈ.,૮૧,૯૮(૨) હેઠળ કોઈ ધારણા ઉપસ્થિત ન કરી શકાય. જેથી માત્ર ફરીયાદીની ફરીયાદ તથા પોલીસ સાહેદના પુરાવા પર આધાર રાખી સદર આરોપીએ કહેવાતો ગુનો કરેલ છે તેવું માની શકાય નહી પંચ સાહેદ ના પુરાવા થી સમર્થન મળવું જોઈ જે અંગે પંચ સાહેદ નો પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ નિશંકપણે પુરવાર કરી શકેલ નહી હોવાનું આ અદાલત માને છે. અને એરીતે મુદ્દા નં.૧ નો નિર્ણય આથી નકારમાં આપવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નો આખરી નિર્ણય નીચે મુજબ છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ-૬૫ ઈ.,૮૧, ૯૮(૨) મુજબ હેઠળના શિક્ષાપાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ-૨૪૮ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તેમજ આ કામ કબજે કરવામાં આવેલ મુદામાલ બોલેરો ગાડી નં.જી.જે.૦૨ વી.વી.૯૪૩૧ અંગે જો કોઈ વચ્ચગાળો નો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અન્યથા મુદ્દામાલ મો.સા. ની માલીકી ની ખરાઈ કરી માલીક નો પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદ્દામાલ નો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬મી, માંહે-ઓકટોબર, સને-૨૦૧૯ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

ઝાલોદ.
તારીખ : ૧૬.૧૦.૨૦૧૯.

( મુકેશ વિનોદરાય પંડયા )
અધિક જયુડી.મેજી.ફ.ક.,
ઝાલોદ.
UIC NO.GJ 01253